**દિવાળીની ઘરાકી ન ખૂલતાં બજારમાં ચિંતા**

## @ગાંધીનગર

- ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની નવેમ્બર માસની કાર્યવાહક સમિતિની બેઠક સાંજે ૪ કલાકે બીજે માળ, સ્વસ્તિક કૉમ્પલેક્સ, સેક્ટર-૨૨ ખાતે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

### સે. ૭ શોપીંગ સેન્ટરની સોલાર લાઈટ્સ બંધ

ગાંધીનગર, તા. ૪

સે. ૭ શોપીંગ સેન્ટર ખાતે મૂકવામાં આવેલી સોલાર લાઈટ્સ છેલ્લા કેટલાક સમયથી બંધ છે આ કારણે ઘણા લોકોને તકલીફો વેઠવી પડે છે.

દિવાળીના કારણે ખરીદારી દિવસ આથમ્યા પછી પણ ચાલુ રહે છે, જે કારણે ગ્રાહકોને અંધારું વેઠવું પડે છે અને વહેલી સવારે અહીં અખબાર મેળવવા માટે આવતા ફેરિયાઓ અને વિતરકોને પણ અંધારાને કારણે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. તંત્ર આ બાબત ધ્યાને ધરી લાઈટ્સ સત્વરે ચાલુ કરાવે એવી માગ ઊઠી છે.

# સે. ૭માં અચાનક કાર સળગી

## ફાયરબ્રિગેડની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગને કાબુમાં લીધી : સદ્‌ભાગ્યે કોઈ જાનહાની નહીં

ગાંધીનગર શહેરનાં સેક્ટર-૭ ખાતે સ્થિત જે.એમ. ચૌધરી શાળાની સામેથી પસાર થઈ રહેલી મારૂતી ફંટી કાર અચાનક આજે સવારના અરસામાં સળગી ઉઠી હતી. બર્નીંગ કાર અંગે ફાયરબ્રિગેડને જાણ થતાં ફાયર ઓફિસર તેમના કાફલા સાથે બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. સદ્‌ભાગ્યે આ જાનહાની થવા પામી ન હતી. માત્ર ફંટી ગાડી બોનેટના ભાગથી બળીને ખાખ થઈ ગઈ હતી.

આજે સવારે પોણા દશ વાગ્યાના અરસામાં સેક્ટર-૭ પાસેથી પસાર થઈ રહેલી મારૂતી ફંટી કાર નં. જીજે-૧૮-એ.એચ.૬૬૮ ચૌધરી શાળા પાસે પહોંચી ત્યાં બોનેટ આગળથી અચાનક ધુમાડા નીકળવા લાગ્યા અને આગ ભભુકી ઉઠી હતી. કારચાલક પ્રજાપતી જયદિપ એચ. ગયો હતો અને કાર સાઈડમાં ઉભી કરી દઈ ફાયરબ્રિગેડને જાણ કરી બોલાવી લીધી હતી. ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડ તથા તેમની ટીમ તાબડતોબ બર્નીંગ કાર પાસે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. આગનું કારણ હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. સદ્‌નસીબે આ આગ દુર્ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.

# ચૌધરી મહિલા કૉલેજની વિદ્યાર્થીઓ જુડો સ્પર્ધામાં ઝળકી : ૮ મેડલ મેળવ્યા

ગાંધીનગર, તા. ૪

ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝૉન ઈન્ટર કૉલેજ જુડો સ્પર્ધા ગત તા. ૨૬ ઑક્ટોબરના રોજ નડિયાદ સ્થિત સી.બી. પટેલ આર્ટ્સ કૉલેજ ખાતે યોજવામાં આવી હતી. જેમાં ચૌધરી કોમર્સ કૉલેજની વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો. કૉલેજની વિદ્યાર્થીની શાહ રમીલાએ ૫૭ કિ.ગ્રા. વજન ગ્રુપમાં ગૉલ્ડ મેડલ અને ચૌધરી મંજુલો સિલ્વર મેડલ, ચૌધરી નિપાએ ૭૧ કિ.ગ્રા. વજન ગ્રુપમાં બોન્ઝ મેડલ, ચૌધરી વર્ષાએ ૫૨ કિ. ગ્રા. વજન ગ્રુપમાં બોન્ઝ મેડલ ચૌધરી આરજુએ ૬૩ કિ.ગ્રા વજન ગ્રુપમાં બોન્ઝ મેડલ મેળવ્યા છે. ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાયેલી ઈન્ટર ઝૉનલ જુડો સ્પર્ધામાં પણ શાહ રમીલાએ ૫૭ કિ.ગ્રા. વજનગ્રુપમાં ગોલ્ડ મેડલ અને ચૌધરી મંજુલા એ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો.

ગોલ્ડ મેડલ મેળવનાર શાહ રમીલા આગામી સમયમાં ગુજરાત યુનિવર્સિટી તરફથી વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી રમવા માટે જશે. પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીઓએ નગર તેમજ કૉલેજનું ગૌરવ વધાર્યું છે.

કૉલેજના આચાર્ય ડૉ. ઊર્મિલાબેન સી. ચૌધરી અને કૉલેજ પરિવારે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# નગરમાં મઠીયાના વેચાણમાં વધારો

## ગત વર્ષ કરતા ભાવમાં તોતિંગ વધારો હોવા છતાં નગરજનોમાં મઠીયા હોટ ફેવરીટ

તસવીર : કશ્યપ નિમાવત

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં દિપાવલીનો માહોલ જામ્યો છે. સાંજ ઢળતાં જ નગરના બજારોમાં માનવ મહેરામણ ઉમટે છે. દિવાળી નિમિત્તે બજારમાં મઠીયાનો સ્ટોક આવી ગયો છે. ગત વર્ષ કરતા મઠીયાના ભાવમાં તોતિંગ વધારો થવા પામ્યો છે. છતાં મઠીયાના સ્વાદના શોખીન નગરજનો મઠીયા ખરીદી કરતા નજરે પડે છે. મોંઘવારી હોવા છતાં મઠીયાના વેચાણમાં દસ ટકાનો વધારો થવા પામ્યો છે. મોંઘવારીએ માઝા મુકી છે. દાળના ભાવ આસમાનને આંબી ગયા છે. પરંતુ મઠીયાનો સ્વાદ નગરમાં ફીક્કો પડે તેવું લાગતુ નથી. દિપાવલી પર્વમાં નગરમાં ઉત્તરસંડા અને ભાદરણના પ્રખ્યાત મઠીયાનો જથ્થો આવી જાય છે. નગરજનોના ઘરની થાળીમાં પીરસાયેલા નૂતનવર્ષના નાસ્તામાં મઠીયાનો સ્વાદ અચુક હોય છે. શહેરના નાગરીકોને મઠીયા અતિપ્રિય છે. ત્યારે દાળના ભાવ દિવાળીના ટાણે આસમાનને આંબતા મઠીયા મોંઘા બન્યા છે. ગત વર્ષે રૂ. ૧૮૦થી ૨૦૦ કિલોના ભાવે મળતા મઠીયા આ વર્ષે રૂ. ૩૦૦ થવા પામ્યો છે. સો રૂપિયા જેટલો તોતિંગ વધારો છતાં નગરજનો હોંશે હોંશે ખરીદી કરી રહ્યા છે. શહેરોના બજારોમાં ઘરાકી ખુલી છે.પરંતુ વેપારીઓને જોઈએ તેવો પ્રતિસાદ મળી રહ્યો નથી. ત્યારે મઠીયા બજારમાં તેજી છે. ગત વર્ષના વેચાણ કરતા આ વર્ષે મઠીયાના વેચાણમાં દસ ટકાનો વધારો છે. રાજ્યભરમાં પ્રખ્યાત ઉત્તરસંડા અને ભાદરણના મઠીયા જ નગરજનો પસંદ કરે છે. શહેરના સ્વાદના શોખી નગરજનો દિવાળી પર્વમાં મઠીયાની ખરીદી વિશેષ કરી હોંશે હોંશે મઠીયા આરોગે છે.

## વાતવાતમાં

- વાવોલના શાલ્વિક હોમ્સમાં પગમાં બાંધેલી દોરીથી જોડાયેલાં બે કબૂતર દયનીય હાલતમાં આવી ચઢ્યાં હતાં જેને સોસાયટીના જીવદયા પ્રેમી રહીશ અતુલભાઈએ મહા મહેનતે પકડી તેમના પગેથી દોરી કાપી મુક્ત કર્યા હતા. સોસાયટીના રહીશોને કબૂતરને બાંધવાનું તોફાની કૃત્ય કરનાર પર ફિટકાર વરસાવ્યો હતો.
- લો બોલો... ચારેક વર્ષ પહેલાં નવરાત્રીના સમયે થયેલા એક મર્ડર કેસના આરોપીઓમાંથી બે આરોપી જામીન પર મુક્ત થતાં તેમણે સેક્ટર-૬ અપના બજાર પાસે ઢોલ નગારાં સાથે પોતાનું સરઘસ કાઢ્યું હતું. સરઘસમાં ફટાકડા ફોડી પોતાની મુક્તિને દિવાળી ગણાવી ઉત્સવ ઉજવ્યો હતો.
- નગરમાં ઘ-૧ પાસે જૂના ફર્નિચરનું બજાર જામ્યું છે. દિવાળીમાં સંપન્ન નગરજનો દ્વારા રિનોવેશનના ભાગરૂપે કાઢી નંખાયેલ ફર્નિચર જરૂરિયાતમંદો માટે ઘરમાં નવી ખુશીઓ લાવનારું બની શકે છે.
- ગ-૩ સર્કલથી પથિકાશ્રમ ઍસટી ડૅપો તરફના માર્ગે કેટલાક વેપારીઓ દ્વારા ગૅસની સગડીઓ ફૂટપાથ પર વેચાણ અર્થે મૂકવામાં આવી રહી છે. નવિન પ્રકારની ચમકદાર સગડીઓ જોઈને ઘણા નગરજનો તેને ખરીદવા આકર્ષાઈ રહ્યા છે. પરંતુ સુરક્ષાના મામલે કેટલી યોગ્ય છે તે ચકાસવું રહ્યું.
- દિવાળી ખુશીઓની સાથે થોડા ગોટાળા પણ લાવે છે. થોડા દિવસો અગાઉ ક રોડ ઉપર ગોકુળપુરા ગામ પાસે અને હવે છેલ્લા ત્રણ દિવસથી ૩ નંબરના રોડના અંતે વાવોલ ફાટક પાસે ૧૦૦ રૂપિયાના ચાર શર્ટ વેચનારા ફેરિયાઓ ઊભા રહે છે અને દિવસભર બૂમો પાડીને રાહદારીઓને આકર્ષે છે. શરત એટલી કે જોયા વિના શર્ટ ખરીદવાના. તોય લોકો લઈ જાય છે. અલબત્ત, આ શર્ટ કેવા છે ને કેવા નહીં એ તો ગ્રાહકો ઘરે જઈને જ જોઈ શકે છે, પણ હજુ સુધી કોઈએ અવાજ ઊઠાવ્યો નથી.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

# તાપમાન વધતાં ઠંડીમાં ઘટાડો

ગાંધીનગર, તા. ૪

થોડાક દિવસ પહેલા આવેલા વાતાવરણીય બદલાવના કારણે લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી નજીક પહોચી જતાં ઠંડીની અસર વર્તાઈ હતી, પરંતુ છેલ્લા બે-ત્રણ દિવસથી પુનઃ લઘુત્તમ તાપમાન વધતા ઠંડી સાવ ઘટી ગઈ છે અને દિવસ દરમ્યાન ગરમીનો અનુભવ થાય છે.

હાલમાં ઋતુ પરિવર્તનનો ગાળો ચાલી રહ્યો છે. વાતાવરણમાં વધુ ફેરબદલ જોવા મળી રહ્યા નથી. તાપમાન લગભગ સ્થિર કક્ષાએ જળવાઈ રહ્યું છે. ગયા અઠવાડિયે ઉત્તર-પૂર્વિય પવનોના કારણે વાતાવરણમાં ફેરફાર જોવા મળ્યો હતો. લઘુત્તમ તાપમાન એકાએક જ ઘટીને ૧૪ ડિગ્રી સુધી પહોંચી જતાં ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. વહેલી સવારે શાળાએ જતાં બાળકો સ્વેટરમાં જોવા મળ્યા હતા. જો કે ઠંડીનો આ ચમકારો વધુ લાંબો સમય જોવા મળ્યો ન હતો. છેલ્લા બે-ત્રણ દિવસથી પુનઃ તાપમાન વધવા માંડ્યું છે. આજે લઘુત્તમ તાપમાન ૨૧.૨ ડિ.સે. સુધી પહોંચી જતાં ગરમીનો અનુભવ પુનઃ થવા લાગ્યો છે. મહત્તમ તાપમાન ૩૫.૫ ડિ.સે. નોંધાતા દિવસે ભારે ગરમી અનુભવાઈ હતી.

### આવતીકાલે ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજનો વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૪

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ દ્વારા આગામી તા. ૬ નવેમ્બરને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન સેક્ટર-૧૭, ટાઉનહોલ ખાતે વાર્ષિકોત્સવની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જુનિયર સાયન્સ કોલેજના ૭માં વાર્ષિક ઉત્સવમાં વિદ્યાર્થીઓ દ્વારા પારંપારિક સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરાશે. આ કાર્યક્રમમાં વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓએ કરેલી વિવિધ પ્રવૃત્તિઓમાંથી વિશેષ પ્રકારની પ્રવૃત્તિઓમાં સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવશે.

# યુ જસ્ટ કીપ સ્માઈલીંગ બીકૉઝ માય લવ ઈઝ બ્લાઈન્ડ

## હાર્ટથ્રોબ પાત્રના 'લવ'માં પડી 'ફના' થઈ જતા આજના નવયુવાનો માટે લાલબત્તી સમાન પ્રેમ કહાની

ગાંધીનગર, તા. ૪

અમદાવાદની સિવિલ હોસ્પિટલના આઈસીયુ વોર્ડની રૂમ નં. ૫ માં એક તરવરીયો નવયુવાન સુમિત વેન્ટિલેટરના સહારે સુતો છે. તેને જોનારા એકી શ્વાસે કહી ઉઠે છે "અરે આ શું ? આવો હેન્ડસમ યુવાન તો ક્યાંક મોડેલીંગ કરતો હોવો જોઈએ યા તો તેની કોલેજની મોસ્ટ ગોર્જીયસ ગર્લ સાથે ડેટીંગ." ખરેખર, સુમિત તેની કોલેજનો હીરો હતો અને તેની પાછળ અસંખ્ય ગર્લ્સ પાગલ હતી. પરંતુ તે ડેટીંગના બદલે અહીં વેન્ટિલેટર સુધી ક્યાંથી પહોંચી ગયો ? આ કહાની જાણવા જેવી છે.

સુમિતની રેસિંગ બાઈક પાછળ કોલેજની દરેક ગર્લ્સ આતુર હતી પરંતુ સુમિત કોઈક સ્પેશ્યિલને બેસાડવાની લ્હાયમાં ક્યારે વેન્ટિલેટર સુધી પહોંચી ગયો તેની ખબર જ ના પડી. અરે એ સ્પેશિયલ ગર્લ એટલે, સોરી ગર્લ નહી સુપર ગર્લ આકાંક્ષા. જેને જોતા વેંત હ્યુમન સાયન્સના બધા જ લૉ ખોટા પડી જાય... એન્જિનીયરીંગની ભાષામાં જેમ કહેવાય કે ૨ કિમી ઊંચી ઈમારત શક્ય નથી તેમ આટલી બ્યુટિફુલ ગર્લ હોવી એ પણ શક્ય નથી... આકાંક્ષા માટે તો આખી કોલેજના યુવાનોમાં એક જ લાઈન ફેવરીટ હતી "તુજસે ના હોગા બેટા..!!!" સમથીંગ લાઈક ઈમ્પોસીબલ... અરે, આકાંક્ષાથી વધુ બ્યુટિફુલ ગર્લ તો આ ગેલેરીમાં જ નહી હોય તેવી કોલેજમાં શરતો પણ લાગતી.

આખી કોલેજની હાર્ટ થ્રોબ ગર્લ આકાંક્ષાને શોખ હતો લાયબ્રેરીમાં પડી રહેવાનો. બસ આપણો હીરો પણ લાયબ્રેરીમાં જઈ તેની બાજુમાં ગોઠવાઈ જવા લાગ્યો. અને એક દિવસ હાય... હેલ્લો થયાં અને પછી ફ્રેન્ડસ પણ બની ગયાં. સુમિતને તો દોડવું હતુ ને ઢાળ મળ્યો. આકાંક્ષાથી આગળ કંઈ વિચારી જ નહોતો શકતો... પરંતુ આકાંક્ષાએ એને ફ્રેન્ડ સમજ્યો કે "બકરો". એ તો એ જ જાણે પણ આકાંક્ષાની એક એક વાત, દરેક ખ્વાઈશ પુરી કરવી તે સુમિત માટે નિત્યક્રમ બની ગયો. તેની એક સ્માઈલ માટે જાત પણ ઘસી નાંખવી તેવો જાણે નિયમ લીધો. કોલેજનું ફંકશન હોય કે મિત્રોની પાર્ટી, નવરાત્રીના પાસ હોય કે હોલિડેની ટુર, મુવીની ટિકીટ લેવા કે પીઝા ખાવા જવાનું હોય... બસ સુમિત એટલે આકાંક્ષાનો "જીની" માત્ર એક કૉલ અને કામ ઓવર.. આકાંક્ષા માટે યુનિવર્સીટીના પેપર પણ 'મીસ' કરી દેવા એ સુમિત માટે હસતા હસતા થતુ કામ હતુ. આમ ને આમ ગ્રેજ્યુએશન પુરૂ અને આકાંક્ષાને માસ્ટર ડિગ્રીમાં એડમિશન મળ્યું પરંતુ એની ફી થોડી વધારે હતી. તેણે સુમિતને પ્રોબ્લેમ જણાવ્યો... બસ આટલી વાત... યુ જસ્ટ કીપ સ્માઈલીંગ... બધુ થઈ જશે યાર... અને કેમ નહી તેની સ્માઈલ પર તો જાણે સુમિતની 'ધડકન' ચાલતી હતી. સ્માઈલ ખતમ તો ધડકન ખતમ...

સુમિતે તેની રેસિંગ બાઈક વેચી, ગોલ્ડ ચેઈન પણ વેચી... ફ્રેન્ડસ પાસેથી લૉન પણ લીધી... બટ શી નીડ્સ મોર... તો શું ? તેનું મગજ ચકરાવે ચઢ્યું... અચાનક ઝબકારો થયો... અરે મારી પાસે બે કિડની છે ને ? એમાંથી મારે તો એકનું જ કામ છે ને ? પહેલા બાઈક, ગોલ્ડ ચેઈન અને મિત્રો પાસેથી લીધેલા લોનના પૈસા આકાંક્ષાના હાથમાં મુકી દીધા. આકાંક્ષાએ પુછ્યું ક્યાંથી લાવ્યો આટલા બધા પૈસા ? જવાબ... અરે નથીંગ ટુ વરી, યુ જસ્ટ કીપ સ્માઈલીંગ... અને આકાંક્ષા મુસ્કુરાતી ચાલી ગઈ અને હીરો ગોઠવાઈ ગયા હોસ્પિટલમાં... મિત્રોને ખબર પડી દોડતા આવ્યા.. સમજાવ્યો... અઢળક સમજાવ્યો.. અંતે... એ રાહ જોવા તૈયાર થયો.. હાશ...

આકાંક્ષા ગઈ પછી તેનું વ્ટોસસએપ પણ બંધ થઈ ગયું, રિપ્લાય બંધ... કૉલ સીવીંગ બંધ... છેલ્લે તો નંબર જ બંધ... સુમિત કહે ઈટ્સ ઓકે. એ કોઈ પ્રોબ્લેમમાં હશે... માંગતા શરમાતી હશે એટલે... મને કિડની આપી દેવા દો... એના એકાઉન્ટમાં પૈસા નાંખી દેજો... મિત્રોએ અંતે આકાંક્ષાના અન્ય બૉયફ્રેન્ડ સાથેના ફોટા બતાવ્યાં... કંઈક કેટલાય પ્રૂફ લાવી આપ્યાં ત્યારે માંડ સુમિત માન્યો... ભલે બાઈક ગયુ, ગોલ્ડ ચેઈન ગઈ... પણ જાગ્યાં ત્યાંથી સવાર...

આકાંક્ષાની મોહજાળમાં અંધ થઈ ખરેખર છતી આંખે લુંટાઈ જતા સુમિતો ઘણા છે. સમાજમાં આવા કિસ્સા તેમના માટે લાલબત્તી સમાન છે... પણ તેમને તો લવ ઈઝ બ્લાઈન્ડ ગણી બસ ફના થઈ જવું છે. (પાત્રોના નામ બદલ્યા છે)

# કોલેજીયન યુવાનનો ઝુંડાલ કેનાલમાંથી મૃતદેહ મળ્યો

## દહેગામના કડાદરા વિસ્તારમાં માસીના ઘરે રહેતો યુવાન બે દિવસથી લાપતા હતો : પ્રેમ પ્રકરણમાં આપઘાત કર્યો હોવાની આશંકા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના દહેગામ વિસ્તારમાં સ્થિત કડાદરા ગામમાં માસીના ઘરે રહીને કોલેજ કરતા ૨૦ વર્ષિય યુવાને કોઈ અગમ્ય કારણોસર નર્મદા કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ઝુંડાલ નર્મદા કેનાલમાંથી આજે સવારે આ યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે. યુવાને પ્રેમ પ્રકરણમાં આપઘાત કર્યો હોવાની ચર્ચા ચાલી રહી છે. પોલીસે તે દિશામાં પણ તપાસ આરંભી છે. કડાદરા ગામમાં માસીના ઘરે રહીને કોલેજ કરતો અને મુળ આણંદ વિસ્તારનો ૨૦ વર્ષિય વિશાલ રાજેન્દ્રસિંહ પરમાર બે દિવસથી ઘરેથી લાપત્તા હતો. તેના પરિવારજનો દિવસ-રાત તેની શોધખોળ કરી રહ્યા હતા. દરમ્યાન આજે બપોરના અરસામાં ઝુંડાલ નર્મદા કેનાલમાંથી એક યુવાનનો મૃતદેહ મળી આવતા તેની અડાલજ પોલીસે તપાસ શરૂ કરી હતી. તપાસ કરતા આ મૃતદેહ વિશાલનો જ હોવાનું ધ્યાને આવતા પરિવારજનોને જાણ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવીને અકસ્માત મોતનો ગુનો પોલીસે દાખલ કર્યો છે. યુવાનના આપઘાત પાછળ પ્રેમપ્રકરણ કારણભુત હોવાની આશંકાને પગલે અડાલજ પોલીસ મથકના જમાદાર મુળજીભાઈએ તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

# દિવાળીની ઘરાકી ન ખૂલતાં બજારમાં ચિંતા

## ખાદ્ય અને મોજશોખની ચીજવસ્તુઓ મોંઘી બનતા સામાન્ય લોકોએ મોં ફેરવ્યા, ચલાવી લેવાનું મન બનાવ્યું

ગાંધીનગર, તા. ૪

તહેવારોમાં સર્વશ્રેષ્ઠ ગણાતી દિવાળી માટે નાના મોટા સૌ કોઈ હરખના હિલોળે ચડે છે. ઘરની સાફ સફાઈથી માંડીને નવી ચિજો ખરીદવી અને ઘર રોશનીથી ઝગમગી ઉઠે તેવા આયોજન થતાં હોય છે. પરંતુ ચાલુ વર્ષે હવે દિવાળી વચ્ચે ફક્ત એક અઠવાડીયાનો સમય બચ્યો છે છતાં નગરના બજારો હજુ ઘરાકી વગર સુમસામ જ રહ્યા છે જેથી ભારે માલ સ્ટોક કરીને બેસેલા વેપારીઓમાં ચિંતા પેસી ગઈ છે. જો કે ખાદ્ય અને મોજશોખની ચિજવસ્તુઓ મોંઘી બનતાં સામાન્ય પરિવારો આર્થિક રીતે પહોંચી ન વળતાં ખરીદીથી દુર રહી જે છે તેમાં ચલાવી લેવાનું મન બનાવ્યું હોય તેવું લાગી રહ્યું છે.

દિવાળીના તહેવારે જન-જનની અપેક્ષાઓ અને ખુશીઓ વધી જતી હોય છે. નોકરીયાત વર્ગ બોનસની અપેક્ષા રાખે તો દરેક વેપારી વર્ગ મોટા વેપારની અપેક્ષા રાખતા હોય છે. રોશનીના આ ઝગમગતા તહેવારમાં હજુ સુધી ઉજાશ આવ્યો નથી. નગરના વ્યાપાર-ધંધામાં ઘરાકી બિલકુલ નહીવત એટલે કે રાબેતા મુજબની જ રહે છે. ત્યારે દિવાળીમાં ખુબ જ સારા વ્યાપારની આશાએ વેપારીઓએ મોટો સ્ટોક કરી રાખેલો છે જેથી નફા કરતાં નુકસાનની વધુ ચિંતા સતાવી રહી છે.

જો કે ખાદ્ય ચિજવસ્તુઓમાં જરૂરી કાચા માલના ભાવ આસમાને પહોંચી ગયા છે જેથી દરેક ખાદ્ય ચિજોમાં ભાવ બમણા થવાની શંકાએ સામાન્ય પરિવારે પોતાની જરૂરિયાતને સંકેલી લીધી છે. મોજશોખ માટે કપડાં અને બુટ ચપ્પલ પણ પોષાય નહીં તેવા ભાવે ઉપલબ્ધ બન્યા છે. ત્યારે આગામી દિવસોમાં આવતા લગ્ન પ્રસંગોએ જ જરૂરી કપડાં અને પગરખાં ખરીદવાનું મુનાસીબ માન્યુ છે. ખાનગી પેઢીઓ કે કંપનીમાં નોકરી કરતો સામાન્ય પરિવારનો વ્યક્તિ ટુંકા પગારમાં ઘરમાં ખાવાનુ લાવે કે મોજ શોખ કરે તે જ મોટી સમસ્યા બની છે. જેથી આર્થિક સ્થિતિને ધ્યાને રાખી આવા પરિવારો મોટી ખરીદીથી દૂર રહેવા લાગ્યા છે. અને ઘરમાં હોય અથવા તો જે તે દિવસ પુરતુ ખરીદી કરી ચલાવી લેવામાં મન મનાવી લીધુ હોય તેવું બજારની હાલની સ્થિતિ ઉપરથી લાગી રહ્યું છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર દાડમબેન નેમાજી (ઉ.વ.૯૦)
- સ્વ. વાઘેલા જોરાવરસિંહ છત્રસિંહ (ઉ.વ.૬૫)
- સુજાતા સત્યભદ્ર મુખરજી (ઉ.વ.૮૯)